જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૨૪૫
2601

* જયઉ સવ્વણ્ણુસાસણં *

# જંબૂદ્વીપ



## એક અદ્ભુત મેગેઝીન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# જંબૂદ્વીપમાં શું શું નિહાળશો ?

* ૪૭ ફુટ ઊંચા મેરૂપર્વત અને આરસમય જંબૂદ્વીપની રચના.
* વિશ્વરચના અને ખગોળ સંબંધી આગમગ્રંથોના મૂળ અવતરણો અને હિન્દી અનુવાદ આલેખેલા આરસના સ્તૂપો.
* દરેક બે સ્તૂપની વચ્ચે ખગોળ ભૂગોળની ઊંડી માહિતી આપતા વિશાળ કદના ભીંત ચિત્રો.
* દુનિયાના બધા દેશોનો સમય બતાવતું સર્વદેશીય ટાવર-ઘડિયાળ.
* વૈજ્ઞાનિક રચનાઓ દ્વારા ખગોળ ભૂગોળની સત્ય બાબતો સમજાવતું વિજ્ઞાનભવન-(જેનું કામ ચાલુ છે.)

## ❋ દર્શનીય સ્થળો ❋

* ૧૦ ફુટ ઊંચા બદામી પાષાણના મંગલ તોરણ અને પરિકર સાથેના પ્રભુ મહાવીર સ્વામીનું જિનાલય.
* ભોંયરામાં શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય.
* શ્રી નમસ્કાર મહામંત્ર આરાધના મંદિર સહિતનું ગુરૂમંદિર જેમાં પ. પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી મ. સા.ની પાદુકાઓ બિરાજમાન કરવામાં આવેલ છે.
* અષ્ટકોણ-અષ્ટફલક આકારમાં નિર્માણ પામેલ ભવ્ય આરાધનાભવન-વ્યાખ્યાન ખંડ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અંગુલિ નિર્દેશ | —તંત્રી

ભૌતિક સમૃદ્ધિની દિશામાં આશ્ચર્યકારક કહી શકાય તેવી વિશ્વની પ્રગતિ છતાં માનવજીવનમાં સામાન્ય સુખ-શાંતિની વાત તો બાજુ પર રહી ગઈ છે અને નાની મોટી અનેક વિટંબણાઓ સામાન્ય જનજીવનમાં ઘોર પીડા આપી રહી છે, ત્યારે એમ નથી લાગતું કે મનુષ્યજગત એની મંજિલ ચૂકી ગયું હોય ?

ભૌતિક સમૃદ્ધિની ટોચની પ્રાપ્તિમાંથી આપણે ખરેખર શું મેળવવા મથીએ છીએ ? એ આપણને ખરેખર મળે છે ખરું ? એ મેળવવા જતાં આપણે જીવનના મૂળભૂત આનંદને શા માટે ગુમાવી રહ્યા છીએ ? જીવનમાં અવનવી સમસ્યાઓનું સર્જન આપણે શા માટે કરી રહ્યા છીએ કે જે સમસ્યાઓના ઉકેલનો કોઈ માર્ગ પણ આપણી પાસે ના બચે ? આપણે સમસ્યાઓની વિષલત્તાઓને આપણી ચારેબાજુ ગૂંથીને એમાં કેવા ફસાઈ ગયા છીએ ?

જ્ઞાનના નામે અજ્ઞાનનો પ્રસાર, આરોગ્ય સેવાના નામે નવા નવા રોગોનું સર્જન, ઉદ્યોગોના નામે જ બેકારી, સગવડોના નામે જ અગવડો, વિશાળ મકાનો અને બિલ્ડીંગોના નામે જ સાંકડી જગ્યાઓમાં કે ઝૂંપડપટ્ટીમાં નિવાસ અથવા ઘરવિહોણી સ્થિતિમાં જીવન, ચંદ્રયાત્રા કે અવકાશી પદાર્થોનાં સંશોધનોના નામે શસ્ત્રાસ્ત્રોનું નિર્માણ અને પ્રયોગો, શિક્ષણના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નામે જ અશિક્ષિતતા અને કુસંસ્કારોનું નિર્માણ, મનોરંજનના નામે મનોભંજન, શ્વેતક્રાંતિની ડેરીઓના નામે પશુઓની કતલ અને શુદ્ધ દૂધ–ઘીનો દુકાળ, વૈજ્ઞાનિક સંશોધનોના નામે જીવનનાશક વસ્તુઓ અને પદાર્થોનું નિર્માણ, મબલખ ઉત્પાદનના નામે જીવન ઉપયોગી વસ્તુઓની અછત, જીવનનો વિકાસ અને પ્રગતિના નામે જીવનનો વિનાશ કરે તેવી અને જીવનને અધોગતિ તરફ લઈ જાય તેવી પ્રવૃત્તિઓનું અને પરિસ્થિતિનું નિર્માણ આપણે આપણી નજરની સમક્ષ જોતા હોવા છતાં અને પ્રત્યક્ષ અનુભવની વાત હોવા છતાં આંખ મીંચીને જે દિશામાં દોટ મૂકી રહ્યા છીએ તે સાચી દિશા છે કે નહિ તે જોવા–જાણવાની ફુરસદ પણ આપણને રહી નથી.

કોઈ સાદ પાડીને આપણને ક્ષણભર થોભાવી આગળ પાછળ નજર નાખવા કહે તો તે માટેની માનસિક તૈયારી પણ આપણી નથી એ આપણી કેવી કમનસીબી છે ?

ખેર ! જંબૂદ્વીપ માસિક એનું કામ બરાબર કરશે. ઉપરની પરિસ્થિતિમાં સત્યનો સીધો માર્ગ ચીંધવાનું આંગળી ચીંધણાનું નાનકડું પુણ્યકર્મ પૂર્વેના કોઈપણ સમય કરતાં આજે વધારે મહત્ત્વનું બન્યું છે.

આમ તો શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી સાથે સંકળાયેલ શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્ર મુખ્યત્વે પ્રાચીન–અવાર્ચીન ખગોળશાસ્ત્રના સંશોધનમાં વ્યસ્ત છે. તેમજ વિશ્વને વિનાશના માર્ગેથી પાછા વાળવા ઉપદેશ આપવાનું કામ સંતપુરુષો અને ઉપદેશકોનું છે; છતાં શ્રી જંબૂદ્વીપ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિજ્ઞાન રીસર્ચ કેન્દ્રના સંશોધનને આજની લગભગ તમામ સમસ્યાઓ સાથે સીધો કે આડકતરો સંબંધ છે તેથી સંસ્થાનું મુખપત્ર 'જંબૂદ્વીપ' માસિક એક સાચા વૈજ્ઞાનિકનું પાત્ર ભજવી વિશ્વ સમક્ષ એવી ચાવીઓ રજૂ કરવા પ્રયત્ન કરશે, જેથી વિશ્વના રહસ્યોના દરવાજા સહેલાઇથી ખોલી શકાય અને વિશ્વની વર્તમાન સમસ્યાઓના મૂળ સુધી જઈ શકાય. શ્રી જંબૂદ્વીપ માસિક ઉપદેશકનું કામ નહિ કરે, એ તો સત્યપૂર્ણ વિગતો અને એમાંના ન્યાયપૂર્ણ તથ્યોને રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરશે.

પરિસ્થિતિનો તમામ પાસાઓથી અભ્યાસ કરાવવાના એના પ્રયત્નમાં આક્રોશ કરતાં સચ્ચાઈ વધારે હશે, તિરસ્કાર કે દ્વેષ નહિ હોય પણ પ્રેમ અને વાત્સલ્ય હશે, કદાગ્રહ કે પૂર્વગ્રહ નહિ હોય પણ વિશાળ અને વ્યાપક દૃષ્ટિપૂર્વકની ખેલદિલી હશે, સ્વાર્થ કે અહંકાર નહિ હોય પણ સમષ્ટિના હિતનો સતત ખ્યાલ અને નમ્રભાવ હશે, આગ્રહ કે વિગ્રહ નહિ હોય પણ મૈત્રીભાવ અને સમભાવ હશે, વિસંવાદિતા કે વિવાદપણું નહિ હોય પણ સંવાદિતા અને સમન્વયની ભૂમિકા હશે.

જંબૂદ્વીપ માસિકનું ક્ષેત્ર વિશાળ રહેશે. જીવનના તમામ પાસાઓને સ્પર્શતું વિજ્ઞાન એ રજૂ કરતું રહેશે. જન્મથી મૃત્યુ, બાળઉછેર, લગ્નજીવન કે વૃદ્ધાવસ્થા, કુટુંબજીવન અને સમાજજીવન, સ્ત્રી અને પુરુષ વચ્ચેનો પ્રાકૃતિક ભેદ, મંદિરોની સંસ્કૃતિ, પ્રાચીન સંસ્કૃતિના પાયાના મૂલ્યો, રાજ્ય વ્યવસ્થા અને વૈશ્વિક રાજકારણ, શિક્ષણ અને સલામતી, ખેતી, ઉદ્યોગો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને વ્યાપાર; આરોગ્ય અને તે માટેની વિવિધ પદ્ધતિઓ, અણુ–પરમાણુ અને ભૌતિક વિજ્ઞાનના સંશોધનો, અધ્યાત્મ-શાસ્ત્ર, વિશ્વની અભૂતપૂર્વ ઘટનાઓ, વિશ્વના અભૂતપૂર્વ પદાર્થો અને સ્થાનો, સંગીત, ચિત્ર અને નૃત્ય જેવી લલિતકળાઓ અને શિલ્પ સ્થાપત્યની વિવિધ કળાઓ, ગ્રામ્ય અને શહેરી જીવન, પૂર્વની સંસ્કૃતિ અને પશ્ચિમ પદ્ધતિનું જીવન—આ બધા વિષયો ઉપર ઉપયોગી જ્ઞાન કે માહિતી આપવા કરતાં ય આ માસિકનો વધુ પ્રયત્ન તો આ બધી ય બાબતોમાં ક્યાં કઈ રીતે કેવા વૈજ્ઞાનિક રહસ્યો ગૂંથાયેલા છે તે બતા-વવાનો રહેશે. જીવનની પ્રત્યેક બાબતોના ગૂઢ વિજ્ઞાનને સ્પર્શતી તથ્યપૂર્ણ અને ન્યાયપૂર્ણ વિગતોની સાથે સાથે આ માસિક ખગોળવિજ્ઞાન અને ભૂગોળવિજ્ઞાની દુનિયામાં પણ વાચકને લઈ જશે.

વાર્તા, કથા, સંવાદો, રસપ્રદ ટૂચકાઓ, ક્યારેક કાવ્ય–દુહા–ગઝલ કે ગીતો, પ્રશ્નોત્તરી, રસપ્રદ લેખો અને ચર્ચા લેખો, સમાચાર વિભાગ અને વિવિધ રસપ્રદ વિભાગોથી વૈવિધ્ય અને રસની જાળવણી એ અમારો મુખ્ય પ્રયાસ રહેશે. બાળકોને રસ પડે તેવા રમતિયાળ વિભાગની સાથે આકૃતિઓ અને ચિત્રોને પણ સ્થાન ખરું જ.

આપને થોડી ઝલક તો હવે પછીના પાનાઓમાંથી જ મળી રહેશે.

અંતમાં એટલું જ કહેવાનું કે 'જંબૂદ્વીપ' માસિકના માધ્યમથી આપણે જીવન સાફલ્યની વધુમાં વધુ નજીક આવીએ એ જ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના. 卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# મંદિરોની સંસ્કૃતિ



યુરોપિયનો સૌ પ્રથમ વખત ભારત આવ્યા ત્યારે તેઓ આ દેશને બાવાઓ (સંન્યાસીઓ) ના દેશ તરીકે અને દેવળો (મંદિરો) ના દેશ તરીકે ઓળખવા લાગ્યા. મંદિરોની સંસ્કૃતિનો અદ્ભુત ખજાનો આ દેશની ધરતી ઉપર કેવો અભૂતપૂર્વ રીતે છવાઈ ગયેલો છે ?

જે મંદિરોના શિલ્પ સ્થાપત્યને નીહાળવા પરદેશીઓ ગાંડા ઘેલા બનીને અહીં દોડી આવે છે એ મંદિરોના નિર્માતાઓ અને પૂજકો બિલકુલ ગાંડા ઘેલા ન હતા, બલ્કે સાચા વૈજ્ઞાનિકો હતા. આજે એ વિજ્ઞાન ઘણું ખરું લુપ્ત બન્યું છે, છતાં ય મંદિરો અને એનું સ્થાપત્ય, એની સાથે સંકળાયેલા પૂજા-ભક્તિ અને વિધિવિધાનથી ભરેલા ક્રિયાકાંડોમાં જે અદ્ભૂત વૈજ્ઞાનિક ખજાનો ભર્યો છે તેનો પરિચય આ વિભાગ દ્વારા કરાવવામાં આવશે. ક્રિયાકાંડો અને વિધવિધાનનું કરવામાં આવેલું આયોજન સહેજ પણ નિરર્થક નહિ હોવાની પ્રતીતિ એનાથી થશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



# ઘંટનાદ !

ટન્...ટન્...ટન્...અન્...અન્... અન્... આત્માને સદા જાગ્રત રાખવાનું કામ ઘંટનો રણકાર પૂરી મધુરતાથી કરે છે. જ્ઞાનના નામે અજ્ઞાનની દિશામાં આપણી દોટના કારણે જીવનના તમામ ક્ષેત્રે દુઃખ, વેદના અને ત્રાસનો અનુભવ કરનાર આપણને કોણ અજ્ઞાનતા ભરી નિંદ્રામાંથી ઊઠાડશે ?

એ કામ આપણે ઘંટના મધુર નાદને સોંપીએ તો !

---



# સ્વસ્તિક

સ્વસ્તિક એ સતત ઘૂમતા ફરતા ગતિમય ચક્રનું પ્રતીક છે. એનો સંબંધ અધ્યાત્મ જગત સાથે છે. જન્મ, જીવન અને મૃત્યુના ચક્રની સતત ગતિમાં જકડાયેલા જગતના પામર આત્માને આ ચક્રમાંથી બહાર નિકળવાનો માર્ગ આધ્યાત્મ વિજ્ઞાનમાં ખૂબ સરસ રીતે દર્શાવવામાં આવેલો છે, એવા અધ્યાત્મ વિજ્ઞાનના મહાન રહસ્યોનું ઉદ્‌ઘાટન 'સ્વસ્તિક' વિભાગમાં કરવામાં આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



## ધર્મચક્ર

અવ્યવસ્થિત થતા જગતને વ્યવસ્થિત રાખવા ધર્મચક્ર સદાય ફરતું જ રહે છે. એ ચક્રના બે મહાન લક્ષણો છે. સત્વ અને કરુણા. સત્વ અને કરુણાનો સંદેશ વિશ્વમાં પ્રસરાવતું આ ધર્મચક્ર વિશ્વની તમામ બાબતો સાથે એકદમ સીધો સંબંધ ધરાવે છે. એના વિના ન વિશ્વનું સંચાલન શક્ય છે અને ન વૈશ્વિક વ્યવસ્થાઓનું સર્જન કે સંરક્ષણ શક્ય છે. મૂળભૂત અને મહત્ત્વના સંબંધથી માહિતગાર થવાની અનિવાર્ય જરૂરિયાત આપણે નકારીશું તો આપણા જીવનનો જ વિકાસ સૌ પ્રથમ તો અટકી પડશે, એ દુર્ભાગ્યથી આપણે બચીએ! સત્વ અને કરુણાને જીવનમાં અપનાવી વિશ્વવ્યવસ્થાની જાળવણીમાં આપણો અમૂલ્ય ફાળો આપીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગૂંથેલી માળા



વિખરાયેલ ફૂલને એક માળામાં ગૂંથી લઈએ તો એ કેવું શોભી ઊઠે છે!

ઇતિહાસ હોય કે ભૂગોળ હોય, વિજ્ઞાન હોય કે જ્ઞાનની વિવિધ શાખાઓ હોય; આજે ફૂલો વિખરાઈ ગયા છે જેની માળા ગૂંથવાની ખાસ આવશ્યકતા છે. ચોક્કસ ક્રમમાં પુષ્પોનું ગૂંથનકાર્ય સહેલું તો નથી જ, પણ સત્યને—પૂર્ણ સત્યને પામવાના પ્રયત્નોમાં પ્રથમ કર્તવ્ય તો આ જ બની રહે છે.

જ્ઞાનની વિવિધ શાખાઓની ખૂટતી કડીઓને શોધી ક્રમબદ્ધ ગૂંથનનો પ્રામાણિક પ્રયાસ આ વિભાગ દ્વારા કરવામાં આવશે.

---

## શાંતિદૂત

વિશ્વ હંમેશા શાંતિ ઝંખે છે, પણ આજે કદાચ આપણું જાણીતું વિશ્વ સૌથી વધારે અશાંત છે. એ અશાંતિને દૂર કરવાના પ્રેરણામય ઉપાયો બતાવવા અને અશાંતિના કારણો તરફ ધ્યાન દોરી એ કારણો હટાવવા પ્રયાસોમાં સહાયભૂત થવા 'શાંતિદૂત' જરૂર પોતાનાથી બનતું કરશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com





# ખગોળ ભૂગોળની દુનિયા

પૃથ્વી ગોળ છે અને ફરતી છે એવા આધુનિક ખગોળ-વિજ્ઞાનના મંતવ્યો કેટલા અંશે સત્ય છે કે અસત્ય છે તેનો નિર્ણય કરવામાં આ વિભાગ સહાયભૂત બનશે. જેમાં વિશ્વના ખગોળ–ભૂગોળ વિજ્ઞાનના જુદા જુદા મતોની માહિતી ઉપરાંત અભ્યાસપૂર્ણ અને સંશોધનાત્મક લેખો અને નિબંધોનો સમાવેશ કરવામાં આવશે.

**પૃથ્વીના ગોળામાં સ્વર્ગ–નરક કયાં છે એવા કોલેજિયન યુવાનના પ્રશ્નના પરિણામે નાગપુરમાં પ. પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી ગણિવર્યશ્રીએ ખગોળ-ભૂગોળનું સંશોધન શરૂ કર્યું. કપડવંજ, ઉંઝા, મહેસાણા, પાટણ, ચાણસ્મા વગેરે ક્ષેત્રોમાં તેઓશ્રીએ વર્ષો સુધી સંશોધન કર્યું.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



## આંગણાનો આવકાર



જીવનના આંગણે જેને પણ આવકાર આપીએ એ આપણો દુશ્મન તો નથી ને! એટલી ખાત્રી તો જરૂર કરવી જોઈએ. વળી મિત્ર કે હિતસ્વીના રૂપમાં એ આપણો ઘાતક તો નથી ને! એ પણ આપણે જાણવું જ જોઈએ.

જીવનના આંગણે કશાને પણ આવકારતા પહેલા "આંગણાનો આવકાર" વિભાગ જરૂર વાંચજો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# મોર પિચ્છ



મોરનું પીંછુ સુંદરતા ને આહ્‌લાદક ખજાનો જ માત્ર નથી; જે પીંછે મોર રળિયામણો લાગે છે એ પીંછે જગત પણ સોહામણું બની શકે એવી અદ્‌ભુત શક્તિ કે જે પવિત્રતાને જગવવાનું કામ કરે છે, એ એનામાં છે.

આવા સૌંદર્ય અને પવિત્રતાના ખજાનામાંથી રોજ એક એક પિચ્છ અહીં આલેખાતું જશે.



# હંસા ચરો મોતી ચારો

હંસ અને બગલો, એ બંનેનો રંગ તો સરખો છે, પણ એક ચરે છે મોતીનો ચારો ને બીજો માછલીનું ભક્ષણ કરે છે.

આપણે આપણા આતમ હંસ માટે સાચો મોતી ચારો શોધવાનું કામ કરીશું ? આ વિભાગ જરૂર એ માટે મદદરૂપ બનશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# કમળ પુષ્પની પાંદડીઓ



કમળનું કોમળ પુષ્પ સુંદરતા અને સુગંધનો સુભગ સમન્વય છે. એની પાંદડીઓ છૂટી પડી જાય તો પાછી જોડી શકાતી નથી, પણ એ પાંદડીઓની સુંદરતા અને સુગંધ–એયને માણી તો શકાય છે.

આવો, આવી છૂટી પડેલી પાંદડીઓને એ જેમ છે તેમજ અનુભવીએ.

## અન્ય વિભાગો

ઉપરાંત 'જ્યોતના ઝબકાર', ફુલવેલ, 'નમસ્કાર', 'અરે!' જેવા અન્ય વિવિધ વિભાગોથી સભર જંબૂદ્વીપ માસિકનું આજીવન લવાજમ રૂ. ૨૦૧ ભરી આજે જ ગ્રાહક બનો. 'જંબૂદ્વીપ' પાલીતાણા–૩૬૪ ૨૭૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી "જંબૂદ્વીપ" માસિક

| | | |
|---|---|---|
| આજીવન સભ્યપદ | લવાજમ— | રૂ. ૨૦૧-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્યપદ | લવાજમ— | રૂ. ૬૦-૦૦ |
| વાર્ષિક સભ્યપદ | લવાજમ— | રૂ. ૨૫-૦૦ |

## લવાજમ મનીઓર્ડરથી મોકલવા વિનંતી

લવાજમ મોકલવાનું સ્થળ
"જંબૂદ્વીપ" માસિક
પાલીતાણા-૩૬૪૨૭૦

પ્રકાશક : શ્રી જંબૂદ્વીપ વર્ધમાન પેઢીની સહ સંસ્થા
શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્ર
પાલીતાણા-૩૬૪૨૭૦ ફોન. C/O ૨૩૦૭

## અત્યાર સુધીમાં લવાજમ ભરી ગ્રાહક બનેલા માનવંતા સભ્યોને

જણાવવાનું કે જંબૂદ્વીપ માસિક ખાસ મહત્ત્વના કારણોસર જૂન-૧૯૯૧થી શરૂ થશે. આપની ગ્રાહક તરીકેની શરૂઆત ત્યારથી ગણાશે. જૂન ૧૯૯૧નો અંક પ્રથમ અંક ગણાશે અને ત્યાર પછી દર મહિનાની પહેલી તારીખે અંક બહાર પડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી

પાલીતાણા-૩૬૪૨૭૦ ફોન : ૨૩૦૭

શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્ર જેની સાથે સંકળાયેલ છે તે ઉપર જણાવેલી સંસ્થા દ્વારા ખગોળ-ભૂગોળ અને પ્રાચીન સંસ્કૃતિ બાબતે બહાર પડેલા પુસ્તકોની યાદી નીચે મુજબ છે જેમાં ×ની નિશાની કરેલા પુસ્તકો પ્રાપ્ય નથી. બાકીના પુસ્તકોની કિંમત જણાવેલ છે. રૂ. ૧૦૦ કે તેથી વધુ કિંમતના પુસ્તકો ખરીદનારને ૧૫ % કમીશન આપવામાં આવશે.

| ગુજરાતી પુસ્તકો | કિંમત |
|---|---|
| તત્ત્વજ્ઞાન સ્મારિકા ભાગ-૧ થી ૫ | ૭૫-૦૦ |
| ,, ,, ભાગ-૧ | ૧૫-૦૦ |
| ,, ,, ભાગ-૨ | ૧૫-૦૦ |
| ,, ,, ભાગ-૩ | ૧૫-૦૦ |
| ,, ,, ભાગ-૪ | ૧૫-૦૦ |
| તત્ત્વજ્ઞાન સ્મારિકા ચિત્રાવલી | ૧૫-૦૦ |
| જંબૂદ્વીપ ભાગ-૧ | ૨૦-૦૦ |
| ,, ,, -૨ | ૨૦-૦૦ |
| ,, ,, -૩ | ૨૫-૦૦ |
| ,, ,, -૪ | ૨૫-૦૦ |
| સત્ય શું ? | ૫-૦૦ |
| વિજ્ઞાન એક વિમર્શ | ૫-૦૦ |
| એપોલોની ચન્દ્ર યાત્રાનું રહસ્ય | ૭-૦૦ |
| મંગલ સંદેશા | ૪-૦૦ |
| વિશ્વમાં આપણે ક્યાં ? | ૨-૫૦ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | |
|---|---|
| ભૂગોળ–ખગોળ–સાહિત્ય જ્યોત | ૨–૫૦ |
| ભૂ–ગોળ ભ્રમ ભંજની | ૨–૦૦ |
| આપણી પૃથ્વી | ૨–૦૦ |

× શું એ ખરું હશે ?
× પૃથ્વી ખરેખર ગોળ નથી.
× કોણ શું કહે છે ?
× વિચાર વિદ્વાનોની સેવામાં
× વિશ્વનો આકાર પ્રશ્નોત્તરી.
× પૃથ્વીનો આકાર નિર્ણય.
× શું પૃથ્વી ખરેખર ફરે છે ?
× એપોલો ૧૧ ક્યાં ઉતર્યું ?
× પ્રશ્નાવલી.

# हिन्दी पुस्तको

| | किंमत |
|---|---|
| सत्य शोध यात्रा | ५–०० |
| ऐपोलोकी चन्द्रयात्रा | ५–०० |
| क्या ऐपोलो चाँद पर पहुँचा | २–०० |
| पृथ्वी कैसी ? | ३–०० |
| कौन क्या कहता है ? | ३–०० |
| तत्त्वज्ञान स्मारिका | १५–०० |
| क्या यह सच होगा ? | ५–०० |

× क्या पृथ्वीका आकार गोल है ?
× पृथ्वीकी आकार एक समस्या
× भूगोल–विज्ञान–समीक्षा
× सोचो और समझो

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

× पृथ्वीकी गति एक समस्या
× प्रगति-परिचय-सम्मतियाँ
× प्रश्नावली

# English Books

| | |
|---|---|
| Does the Earth Really Rotate. | 7-50 |
| Tatvaguan Smarika | 15-00 |

× A Questionnaire

× A Review of the Earth-Shape.

× What othere say?

× Does the Earth Round?

# संस्कृत पुस्तक

× विज्ञानवाद-विमर्शः

× भूगोल-भ्रम-भंजनी। (श्लोकबद्ध)

× सत्य शोध यात्रा।

## પેટ્રન બનેલા મહાનુભાવો

❀ શ્રી મહેન્દ્રભાઈ (જાપાનવાળા)

❀ શ્રી છગનલાલ ડાહ્યાભાઈ (કોદરામવાળા)

❀ શ્રી અમથાલાલ કાળીદાસ (કરામડી)

✳ શ્રી બી. અરુણકુમાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જંબૂદ્વીપ સંકુલ તરફ એક નજર

પ. પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી ગણિવર્યના અથાગ પરિશ્રમ અને વ્યાપક જ્ઞાનદૃષ્ટિના પરિપાકરૂપે પૃથ્વી ગોળ નથી, ફરતી નથી, એપોલો ચન્દ્ર ઉપર ગયું નથી, વગેરે ખગોળ-ભૂગોળના સંશોધનાર્થે અને પ્રસારાર્થે શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢીની સ્થાપના થઈ. જેની સાથે જ તીર્થાધિપતિ શ્રી વીરપ્રભુ અને પરમ પુરુષાદાનીય શ્રી કલ્પદ્રુમ પાર્શ્વપ્રભુના જિનાલયો, જંબૂદ્વીપનું વિરાટ કદનું મોડલ, પ્રાચીન અને અર્વાચીન ગ્રંથોથી સમૃદ્ધ જ્ઞાનભંડાર, ઉપાશ્રય, વિજ્ઞાનભવન વગેરેનું પણ નિર્માણ થયું અને તેની સાથે વિવિધ પુસ્તકો અને સાહિત્યના પ્રકાશનની પ્રવૃત્તિ પણ થતી રહી છે.

હાલ પ. પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી મ. સા.ના પ્રથમ શિષ્ય પ. પૂ. પં. પ્ર. શ્રી અશોકસાગરજી મ. સા.ની પ્રેરણા અને માર્ગદર્શનપૂર્વક જંબૂદ્વીપ સંકુલમાં વિવિધ નવા આયોજનો તથા પ્રવૃત્તિઓ આકાર લઈ રહેલ છે. નવા આયોજનોમાં અષ્ટકોણીય-અષ્ટફલક ધરાવતો વિશાળ ખંડ-પ્રમાણ ઉપાશ્રય (આરાધના ભવન), નવકાર મંદિર (જ્યાં ભાવિકો ભૂગર્ભમાં નમસ્કાર મહામંત્રનો જાપ આરાધી શકે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.) તથા તેની સાથે જોડાયેલું ગુરુમંદિર (જ્યાં પૂ. અભયસાગર મ. સા.ની પાદુકા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે અને નમસ્કાર મહામંત્રના વિવિધ પટ તથા પૂ. અભયસાગરજી મ. સા.ના જીવનસંસ્મરણોરૂપ તેઓના સંયમ જીવનના ઉપકરણો ગોઠવવામાં આવનાર છે તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તાજેતરમાં શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્રની સ્થાપના કરવામાં છે જેમાં પ. પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી મ. સા.ના ખગોળ–ભૂગોળના સંશોધન કાર્યને આગળ ધપાવવાનું કામ ખગોળ–ભૂગોળના સંશોધક નિષ્ણાત શ્રી રમણલાલ બબાભાઈ શાહ જૈન ભૂગોળવાળાના સુપુત્ર શ્રી જયેન્દ્રભાઈ શાહ કરી રહ્યા છે, જેઓએ આ વિષયમાં ઊંડું અધ્યયન કરેલ છે.

જંબૂદ્વીપ સંકુલનો ભવ્ય દરવાજો તથા તળેટી રોડથી જંબૂદ્વીપ તરફ જવાના માર્ગ ઉપર શ્રી કેસરીયાજી જિનાલયની સામે "શ્રી જંબૂદ્વીપ" નામનો વિશાળ કમાનવાળો ભવ્ય દરવાજો બનાવવાનું કાર્ય ચાલુ થઈ ગયેલ છે.

વિજ્ઞાનભવનનું સમારકામ ચાલુ છે જે પૂરું થતાં વૈજ્ઞાનિક પદ્ધતિના મોડેલ અને એકઝીબીટ ગોઠવી તેમાં એક ભવ્ય પ્રદર્શન ગોઠવવામાં આવનાર છે.

તળેટી રોડ પરથી સીધું શ્રી જંબૂદ્વીપ સંકુલમાં જઈ શકાય તે માટે ભાતાખાતામાંથી ૬ ફુટ પહોળો અવરજવરનો માર્ગ બનાવવાની મંજૂરી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફ મળી છે. તળેટી રોડના શ્રી કેસરીયાજી જિનાલયની સામે બનાવેલા ભવ્ય દરવાજાથી શ્રી જંબૂદ્વીપ સંકુલ સુધી પાકી સડક બનાવવા મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

વિશાળ કદનું ચૌદ રાજલોકનું મોડેલ પ્લેનેટોરીયમ અને વિશાળ સાયન્ટીફીક એકઝીબીશન વગેરે શ્રી જંબૂદ્વીપ સંકુલની ભાવિ યોજનાઓ છે. 卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્ર

# પેટ્રન યોજના :

શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી સાથે સંકળાયેલ આ સંસ્થાનાં સ્થાપના વિશ્વના ખગોળ અને ભૂગોળ વિષયમાં ઊંડું સંશોધન કાર્ય કરવા માટે કરવામાં આવી છે. આવકવેરા માફીનું ૮૦ જીનું પ્રમાણપત્ર પણ મળી ચૂકયું છે. આ સંસ્થામાં ૫૧૦૦૦ રૂ. નું દાન આપનાર દાતા સંસ્થાના પેટ્રન બની શકે છે. આવા મહાન ભાગ્યશાળી આત્માઓ કે જેઓએ સંસ્થાના પાયાના વિકાસ માટે આવું ઉત્તમ દાન આપેલ છે અને સંસ્થાના પેટ્રન્ બનેલ છે તેમની નામાવલી અત્રે મૂકેલ છે.

* શ્રી જંબૂદ્વીપ સંકુલમાં જિનાલય અને જંબૂદ્વીપ મોડલની આગળના ખુલ્લા ચોકમાં ગોળાકાર ઉદ્યાનની મધ્યમાં ગોઠવાયેલા સ્તૂપ ઉપર પેટ્રન સભ્યોના નામો મૂકવામાં આવશે.

આ ઉપરાંત ચૌદ રાજલોક ભાવનના નિર્માણ કાર્યમાં રૂ. ૧૧૦૦૧ આપનાર દાતાઓના નામોની યાદી ચૌદ રાજલોક ભવન ઉપર મૂકવામાં આવશે.

# ટૂંક સમયમાં ક્રમશઃ પ્રગટ થશે

ખગોળ-ભૂગોળ વિષય પર ૬ થી વધુ વિભાગો ( શ્રેણી )માં ૬૦થી વધુ પુસ્તકો થોડા સમય બાદ ક્રમશઃ પ્રગટ થશે. જેના સૂચિત નામોની યાદી આ મુજબ છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## વિભાગ-૧

મોતી-૧ આધુનિક ખગોળ વિજ્ઞાનની ધરી.
મોતી-૨ આધુનિક ખગોળ વિજ્ઞાન-અનિર્ણીત અવસ્થામાં
મોતી-૩ આધુનિક ખગોળ વિજ્ઞાનની ફેરફૂદરડી
મોતી-૪ આધુનિક ખગોળ વિજ્ઞાનના વિરોધમાં દુનિયાનો વિવિધ વર્ગ.
મોતી-૫ પ્રાચીન અને અર્વાચીન વિજ્ઞાન
મોતી-૬ ખોડંગાતા ખગોળ વિજ્ઞાનને પ્રાચીન જ્ઞાનના ખભાનો ટેકો
મોતી-૭ ખગોળ વિજ્ઞાન સામેના આશ્ચર્ય ચિહ્નો
મોતી-૮ આધુનિક ખગોળ વિજ્ઞાન સામે પાયાના પ્રશ્નો
મોતી-૯ અગોચર સ્થાનો અને અગોચર બનાવો.

## વિભાગ-૨

મોતી-૧ અન્ય પ્રજા: ધર્મ: સંસ્કૃતિ નાશમાં યુરોપીય પ્રજા.
,, -૨ આધુનિક વિજ્ઞાન: રાજકીય અને યુદ્ધકીય ઉપયોગ.
,, -૩ અવકાશ વિજ્ઞાનના રહસ્યમય સંકેતો.
,, -૪ અવકાશ વિજ્ઞાન પાછળની કપટ લીલાઓ.
,, -૫ ચંદ્રયાત્રા-એક રાજકીય કાવતરું ?

## વિભાગ-૩

મોતી-૧ ઉત્પત્તિ
,, -૨ ઉત્ક્રાંતિ કે અવક્રાંતિ.
,, -૩ પૃથ્વી-આકાર, ગતિ અને ગુરુત્વાકર્ષણ.
,, -૪ ઝેટેટીક એસ્ટ્રોનોમી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોતી–૫ પૃથ્વીનો આકાર–કેવળ કલ્પના.
,, –૬ જો પૃથ્વી ગોળ હોય તો !
,, –૭ ગતિઃ–પૃથ્વી, સૂર્ય, વાતાવરણ, ધ્રુવ અને સપ્તર્ષિ.
,, –૮ ચન્દ્ર પરપ્રકાશિત નથી.
મોતી–૯ ચન્દ્રગતિ, ચન્દ્રકળા : અમાસ અને પુનમ.
,, –૧૦ ગ્રહણ–ચન્દ્ર અને સૂર્ય.
,, –૧૧ ગુરુત્વાકર્ષણ અને પૃથ્વી–ચન્દ્રનું વાતાવરણ.
,, –૧૨ સૂર્યનો પ્રકાશ અને પૃથ્વીનો ઉજાશ.
,, –૧૩ ભરતી ઓટ
,, –૧૪ અવકાશની ખુલતી બારી.
,, –૧૫ નિરર્થક અને તથ્યહીન ચન્દ્રયાત્રા.
,, –૧૬ કૃત્રિમ ઉપગ્રહો–પરિભ્રમણ અને અન્ય ગ્રહોની યાત્રા.

## વિભાગ–૪

મોતી–૧ ૧૪ રાજલોક–તિર્ચ્છાલોક અને અઢીદ્વીપ ( મનુષ્યલોક )
,, –૨ જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, સૂર્ય–ચન્દ્રાદિ વ્યવસ્થા.
,, –૩ યોજનના માપ.
,, –૪ ભરતક્ષેત્ર અને જાણીતું વિશ્વ : સ્થાન અને રચના.
,, –૫ ચન્દ્રકળા–ગ્રહણ–ભરતી ઓટ–શાસ્ત્રીય આધાર.

## વિભાગ–૫

મોતી–૧ આધુનિક વિજ્ઞાન ધર્મશાસ્ત્રોની દિશામાં.
,, –૨ આયુર્વેદ અને એલોપથી.
,, –૩ રુઢિઓના રહસ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોતી–૪ પુર્વજન્મ : પુનર્જન્મ.
,, –૫ આત્મા, કર્મ અને વિશ્વ.

## વિભાગ–૬

મોતી–૧ સાપેક્ષવાદ
,, –૨ દૃષ્ટિભેદ
,, –૩ ક્ષેત્રના પ્રણેતા
,, –૪ સત્યના ટંકારના સાથીદારો
,, –૫ વિજ્ઞાનવાદીઓના સંતોષમાં
,, –૬ જિજ્ઞાસુઓની મુંઝવણના ઉકેલો
,, –૭ પ્રશ્નાર્થચિહ્નો
,, –૮ સંદર્ભ સૂચિ.

## શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્ર

પ. પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી ગણિવર્ય-શ્રીએ શરૂ કરેલ ખગોળ–ભૂગોળના સંશોધનકાર્યને આગળ ધપાવવા માટે ટૂંક સમય પહેલાં જ સ્થાપના કરવામાં આવી છે તે શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસચ કેન્દ્રને ૮૦ જીનું આવકવેરા માફી પત્ર મળી ગયેલ છે, આ સંસ્થાને તન, મન, ધનથી સહકાર આપવા હાર્દિક નિમંત્રણ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જૈન ખગોળ ભૂગોળ તથા પ્રાચીન સંસ્કૃતિ વિષય ઉપર

# શિબિરો અને પ્રવચનો

## ગોઠવો

જૈન ખગોળ ભૂગોળ અને શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્રના સંશોધન વિશે માહિતી પ્રાપ્ત કરવા માટે આપના ગામમાં, સંઘમાં પ્રવચનો ગોઠવવા માટે તથા ટૂંકા સમયગાળાની શિબિરો અને ચર્ચા સભાઓ ગોઠવવા માટે શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્રનો પત્રથી કે રૂબરૂ સંપર્ક કરો.

પૃથ્વી ગોળ નથી, ફરતી નથી, એપોલો ચન્દ્ર ઉપર ગયું નથી, ગ્રહણ તથા ચન્દ્રકળાઓ વગેરે અનેકવિધ બાબતો તથા ભારતીય પ્રાચીન સંસ્કૃતિના રહસ્યોની રસપ્રદ વિગતો જાણવા કાર્યક્રમ ગોઠવવા શ્રી જંબૂદ્વીપ વિજ્ઞાન રીસર્ચ કેન્દ્ર પાલીતાણા-૩૬૪૨૭૦ નો સંપર્ક કરો.

---

## આશીર્વાદ

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી આદિ આચાર્ય ભગવંતોના મહાન આશીર્વાદ અમને આ મહાન કાર્યની સફળતા માટે પ્રાપ્ત થયા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

#卐 ચૌદ લોક 卐




जैन दर्शन के अनुसार लोक स्वरूप

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી જંબૂદ્વીપ સંકુલના પ્રાંગણમાં ટૂંક સમયમાં
આકાર લેશે એક અદ્‌ભુત ઇમારત

# ચૌદ રાજલોક

દુનિયાની અજાયબી રૂપ ૭૨ ફુટ ઊંચી આ ઇમારત મોક્ષ, દેવલોક (સ્વર્ગ), પૃથ્વી અને મનુષ્ય લોક તથા નરકલોકનું તાદૃશ્ય દર્શન કરાવશે. આ ઇમારતનો આકાર સામેના પાના પર દર્શાવેલા ચિત્ર જેવો જ બનાવવામાં આવશે.

# અદ્‌ભુત પ્લેનેટોરીયમ

૧૪ રાજલોકના ભૂગર્ભમાં ૩૬ ફુટ પહોળા હોલમાં સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, તારા, નક્ષત્ર વગેરેની ગતિ, સ્થિતિ, રાત દિવસ અને ઋતુઓની વ્યવસ્થા સહિત અદ્‌ભુત આકાશદર્શન કરાવતા પ્લેનેટોરીયમની રચના ગોઠવવામાં આવશે.

# સાયન્ટીફીક એકઝીબીશન

પ્લેનેટોરીયમની ચારે બાજુ ફરતી ૧૮ ફુટ પહોળી ગેલેરીમાં સાયન્ટીફીક એકઝીબીટ્સ ગોઠવી એક કાયમી એકઝીબીશન ગોઠવવામાં આવશે.

**હાલ જંબૂદ્વીપ રચનાખંડમાં માહિતી દર્શનનો રોજનો સમય રાત્રિના ૭-૦૦ થી ૮-૦૦ વાગ્યાનો છે.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અરે

આધુનિક વિજ્ઞાનના ઉદ્ભવ
તત્ત્વજ્ઞાને ફુગ એ વનસ્પતિકાય શ
ફુગ એ અનંતકાય પ્રકારનો
પ્રકાર એ વનસ્પતિકાયના જીવો
વાત બહુ સ્પષ્ટ પણે જૈનશાસ્ત્રકારોએ જણાવી છે. આપણું
પ્રાચીન વિજ્ઞાન આજના વિજ્ઞાન કરતાં કેટલું આગળ છે
એનો કેવો અદ્ભુત પૂરાવો !

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર


**લવાજમ**

| | | |
|---|---|---|
| આજીવન સભ્યપદ | રૂ. | ૨૦૧ |
| ત્રિવાર્ષિક સભ્યપદ | રૂ. | ૬૦ |
| વાર્ષિક સભ્યપદ | રૂ. | ૨૫ |

લવાજમ મનીઓર્ડરથી
મોકલવા વિનંતી

લવાજમ, લેખ તથા પ્રશ્નો
મોકલવાનું તથા પત્રવ્યવહારનું
કાયમી સરનામું

તંત્રી સંપાદક :
જયેન્દ્ર ર. શાહ

જંબૂદ્વીપ, પાલીતાણા-૩૬૪૨૭૦




ગ્રાહક નંબર ____________

To ____________

____________

____________

____________

**આપનો ગ્રાહક નંબર નોંધી લેશો.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com